# ત્રીજા સોમવારે શિવ મંદિરમાં શ્રદ્ધાળુ ઉમટ્યા

ગાંધીનગર, તા.૨૭

દેવાધિદેવ મહાદેવના પવિત્ર શ્રાવણ માસનો આજે ત્રીજો સોમવાર હોઈ ગાંધીનગર શહેર સહિત રાજયભરના શિવાલયો ઓમ નમઃ શિવાય, હર હર શંભુ, બમ્ બમ્ ભોલેના નાદથી ગુંજી ઉઠયા હતા. તો બાર જયોતિર્લિંગ પૈકીના પ્રથમ જયોતિર્લિંગ એવા સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ, નાગેશ્વર મહાદેવ સહિતના તીર્થધામોમાં તો, દેવાધિદેવને આજે વિશેષ સાજ-શણગાર કરવામાં આવ્યા હતા અને તેમની ખાસ પૂજા-અર્ચના અને મહાઆરતી કરવામાં આવી હતી. શ્રાવણમાસનો આજે ત્રીજો સોમવાર હોઈ શિવભકતોએ ભોળાનાથના દર્શન માટે રીતસરની પડાપડી કરી હતી. સૌરાષ્ટ્રના સોમનાથ મહાદેવ, દ્વારકા પાસેના નાગેશ્વર મહાદેવ, ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવ, જૂનાગઢના ભવનાથ મહાદેવ, ભૂલેશ્વર મહાદેવ, વડોદરા નજીકના કાયાવરોહણ સહિતના તીર્થધામોમાં તો, શિવભકતોનું જાણે ઘોડાપૂર ઉમટયું હતું. રાજયભરના શિવાલયોમાં આજે લાખો શ્રધ્ધાળુ ભકતોએ ભોળાનાથને દૂધ-જળ, બિલ્વપત્ર, ધાન્ય, ફળ-ફુલના મહાઅભિષેક કરી પ્રસન્ન કરવાનો પ્રયાસ કર્યો હતો, જેને લઈ રાજયભરના શિવાલયોમાં શ્રાવણિયા સોમવાર અને શિવભકિતનો માહોલ છવાયો હતો. શ્રાવણ માસના આજના ત્રીજા સોમવારને લઈ જગપ્રસિધ્ધ સોમનાથ મહાદેવમાં તો આજે દેવાધિદેવ મહાદેવનો રામેશ્વરમ્‌નો અદ્‌ભુત અને નયનરમ્ય શણગાર કરવામાં આવ્યો હતો, જેને લઈને શ્રધ્ધાળુ ભકતોમાં શિવભકિતનો ધોધ વહ્યો હતો.



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે હાર્દિક પટેલના ઉપવાસના સ્થળે જવા માટે ફરમાવવામાં આવેલી મનાઈ સામે તેમજ ઉપવાસ આંદોલન અંગે રજૂઆત કરવા માટે ૨૦થી પણ વધુ ધારાસભ્યો, વિવિધ નગરોના કોર્પોરેટરો અને કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં ગાંધીનગરમાં રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીને મળ્યા હતા અને આવેદનપત્ર આપ્યું હતું. આ પૂર્વે આ બધા જ માનવ અધિકાર પંચની કચેરીએ જઈ રજૂઆત કરી હતી. આ રેલીમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણી, પ્રદેશ મહામંત્રી નિશિથ વ્યાસ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, ધારાસભ્ય શ્રી સી. જે. ચાવડા, બળદેવજી ઠાકોર, સુરેશભાઈ પટેલ, નિરંજન પટેલ, જિલ્લાના પ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી અને અન્ય આગેવાનો પણ જોડાયા હતા.

# રૂપાણી-નીતિન પટેલ દિલ્હી જવા રવાના

ગાંધીનગર,તા.૨૭

ગુજરાતમાં ત્રણ વર્ષ પછી ફરી શરૂ કરાયેલા પાટીદાર અનામત તેમજ ખેડૂતોના દેવા માફી અંગે હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસ આંદોલનથી ભાજપ સરકાર અંદરખાને ડરી ગઈ લાગે છે. કારણ કે, પાંચ દિવસ પહેલા જ વડાપ્રધાન અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાતની મુલાકાતે આવીને ગયા હોવા છતાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને દિલ્હીનું તાબડતોબ તેડું આવ્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના દિલ્હીના બોલાવાને લઈને ગુજરાત રાજકારણમાં જોરદાર ચર્ચા શરૂ થઈ ગઈ છે. અમદાવાદમાં ત્રણ દિવસથી શરૂ કરાયેલા હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસ આંદોલનના અનુસંધાનમાં લોકસભાની ચુંટણી પહેલા કંઈક કાચું કપાઈ જાય નહીં તે માટે રાજ્ય સરકારનું આયોજન જાણવા અને વ્યૂહરચના સાથે માર્ગદર્શન માટે તેમને બોલાવવામાં આવ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ગુજરાતમાં ફરી એકવાર પાટીદાર આંદોલનના નામે રાજકીય ગરમાવો પેદા થયો છે. જેમાં રાજ્ય સરકાર અભેદ્ય સુરક્ષા કવચ સાથે અમદાવાદમાં ત્રણ દિવસથી આમરણાત ઉપવાસ આંદોલન શરૂ કરનાર હાર્દિક પટેલના આંદોલનને કચડી નાખવા પ્રયાસ કરી રહી છે. તો કોંગ્રેસના ધારાસભ્યોના સમર્થન સાથે ચાલતા આંદોલનમાં પાસ કે પાટીદાર લોકોને દુર રાખવા ઠેર ઠેર અટકાયત કરી બહેનોને પણ રાખડી બાંધવાથી અટકાવતા માનવ અધિકાર પંચને ફરિયાદ કરવામાં આવી છે. આ સંજોગોમાં આજે સોમવારે સોમનાથ દાદાની પૂજા-અર્ચના કરનાર રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને દિલ્હીનું તેડૂં આવ્યું છે. હજુ તો, તા.૨૩ ઓગષ્ટે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત અને ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા. તેમાં સુરત એરપોર્ટ ખાતે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ધ્વારા પીએમને ગુલાબ આપતી વખતે સીએમ સહિતના ચહેરાથી સર્જાયેલું દ્રશ્ય આજે પણ ચર્ચાની એરણ પર છે.



ગાંધીનગર નજીકના ઉનાવા ગામમાં સ્વામીનારાયણ મંદિરે પવિત્ર શ્રાવણ માસ નિમિતે હિંડોળા યુવક મંડળના સભ્યો દ્વારા શ્રી ઉત્સવ પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા ચલણી નોટોના કલાત્મક હિંડોળામાં શ્રી હરિને સૌ ભાવિકોએ હેતે ઝુલાવવાનો અલૌકિક લ્હાવો લીધો હતો.

# સિવિલમાં વહીવટી તંત્રની બેદરકારી સામે આવી..?

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા એક નર્સની થોડા માસ અગાઉ અન્ય મેડીકલ કોલેજમાં બદલી થઈ હતી. ત્યારબાદ નર્સના એકાઉન્ટમાં દર મહિને ગાંધીનગર અને અન્ય સિવિલમાંથી તેમ બંન્ને જગ્યાએથી પગારની ચુકવણી થઈ રહી હતી. આ પગાર ચુકવણીનો સિલસિલો છ માસથી વધુ સમય ચાલ્યો હતો. ત્યારે પોતાના એકાઉન્ટમાં જયાં ફરજ બજાવે છે તે હોસ્પિટલ તેમજ ગાંધીનગરથી પગાર આવતો હોવાની જાણ થતા નર્સે તાત્કાલીક ગાંધીનગર સિવિલનો સંપર્ક કરીને પગારની ચુકવણી ચેકથી કરી દીધી હતી. પરંતુ સિવિલના વહીવટી તંત્રની બેદરકારી સામે આવી છે. ગરીબ દર્દીઓને સામાન્ય છુટછાટ આપવામાં આનાકાની કરતા તંત્રની આટલી મોટી બેદરકારી દરેક કર્મચારીઓને ઉડીને આંખે વળગી છે.

# જાખોરા ગામના પાટીદારો દ્વારા હાર્દિકના સમર્થનમાં પ્રતિક ઉપવાસ

ગાંધીનગર, તા.૨૭

પાટીદારોને અનામત અને ખેડૂતોના દેવા માફીની માંગણી સાથે પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલ અમદાવાદ ખાતે ઉપવાસ પર ઉતર્યા છે. હાર્દિક પટેલના ઉપવાસને પગલે રાજયભરની તમામ પોલીસને એલર્ટ રાખવામાં આવી છે. રાજયમાં ઘણા જિલ્લાઓમાં કલમ ૧૪૪ પણ લગાવવામાં આવી છે. જેને અનુલક્ષી પાટીદારો ખુલ્લીને હાર્દિકના સમર્થનમાં જઈ શકતા નથી. ત્યારે ગાંધીનગર તાલુકાના ઝાખોરા ગામે ૧૦૦ થી વધુ પટેલ સમાજના યુવાનોએ ગામમાં જ હાર્દિકના સમર્થનમાં પ્રતિક ઉપવાસ કર્યા હતા. રાજયભરની પોલીસ એલર્ટ મોડમાં છે ત્યારે ચિલોડા પોલીસને ઝાખોરાના પ્રતિક ઉપવાસની ગંધ સુધ્ધા આવી નથી.

પ્રાપ્ત માહિતી મુજબ ભાજપના અમદાવાદના પૂર્વ સાંસદ પરેશ રાવલે દત્તક લીધેલા ગામ જાખોરામાં પાટીદાર સમાજની વસ્તી વધારે છે. પાટીદાર અનામત આંદોલનમાં પણ જાખોરા ગામના પાટીદાર સમાજના ભાઈ બહેનોનો ટેકો રહ્યો છે. અમદાવાદ ખાતે પાટીદાર અનામત અને ખેડુતોને અન્યાયના મુદ્દે પાસના કન્વીનર હાર્દિક પટેલ દ્વારા આમરણાંત ઉપવાસ આંદોલનમાં જાખોરાના પાટીદાર સમાજના નાગરીકો પણ જોડાવા ઈચ્છતા હતા. પરંતુ પોલીસ તંત્ર દ્વારા કડક વલણને અનુલક્ષી ખેડુત પાટીદારો ઉપવાસ આંદોલનમાં જોડાઈ ન શકતા સોમવારના રોજ જાખોરા ગામમાં જ હાર્દિકના સમર્થનમાં મહાદેવ મંદિર ખાતે જ જાહેરમાં સવારે ૧૧ થી બપોરના ૪ કલાક સુધીના પ્રતિક ઉપવાસ કરવામાં આવ્યા હતા. અમદાવાદમાં હાર્દિક પટેલને પોલીસ દ્વારા દમનકારી વલણ અપનાવીને મળવા ન દેવાતા જાખોરા પાસ ટીમ દ્વારા હાર્દિકભાઈના સમર્થનમાં ઉપવાસનું આયોજન કર્યું હતું તેમ ગામના રોનક પટેલે કહ્યું હતું. જાખોરાના પાટીદાર યુવાનોએ મત વ્યકત કર્યો હતો કે હાર્દિક ભાઈ ભલે થોડા કાર્યકરો સાથે ઉપવાસ પર બેઠા હોય પરંતુ દરેક ગામના પાટીદાર ભાઈઓનું તેઓને સમર્થન છે. તેમના સમર્થનમાં જઈએ તો પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવે છે. ત્યારે ખેતીનું કામ અને દુધાળા પશુઓની જાળવણીનું કામ અટકી પડે તેમ છે. પાટીદાર સમાજ તથા ખેડુતોના હિતની આ લડાઈમાં હાર્દિકને સંપૂર્ણ સમર્થન છે.






રંગોલી પ્રિ સ્કુલ દ્વારા રક્ષાબંધનના પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ટ્રેડીશ્નલ ડ્રેસમાં સજ્જ નાના ભુલકાઓએ રાખી સેલિબ્રેશનમાં ભાગ લીધો હતો. બહેન ભાઈના હેતના પર્વની ઉજવણી દરમિયાન નાની બાળાઓએ ભાઈના હાથમાં રાખી બાંધી હતી. પ્રિસ્કુલના ટીચર્સે આ ઉજવણી માટે વિશેષ આયોજન કરી ભુલકાઓને પ્રોત્સાહીત કર્યા હતા.

# અણઘડ વહીવટ કરતી મહાનગર પાલિકાને સુષુપ્ત અવસ્થામાં મુકવા માંગ

## શહેરની બીન રાજકીય સ્વૈચ્છિક સંસ્થાઓની બેઠકમાં વ્યક્ત થયેલો સૂર : સુચારૂ વહીવટ માટે વહીવટદાર નીમવા માંગ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભામાં સત્તાપક્ષના આંતરિક વિખવાદની ચરમસીમાથી માંડીને નગરસેવકોના વર્તન, ભાષાપ્રયોગ તેમજ બીન લોકશાહી વ્યવહારથી વ્યથિત તેમજ પાંચ વર્ષ સુધી કોઈ પણ પ્રકારના કર નહી ઉઘરાવવાના આદેશ સાથે રચાયેલી મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરાને બમણો કરવા ઉપરાંત રંગમંચોના ભાડામાં પણ અસહ્ય વધારો કરવાને કારણે હવે શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા મહાનગરપાલિકાને સુશુપ્ત અવસ્થામાં મુકવાની માંગ કરવામાં આવી છે.

ગાંધીનગરની બીનરાજકીય સ્વૈચ્છિક સંસ્થાઓની તાજેતરમાં બેઠક મળી હતી જેમાં મનપાના હોદ્દેદારો તથા કર્મચારીઓના વિખવાદથી માંડીને અણઘડ વહીવટ, નગરસેવકોના બીનલોકશાહી વર્તન વગેરે અંગે ચિંતા વ્યક્ત કરાઈ હતી. મનપા દ્વારા મિલ્કતવેરો બમણો કરી રંગમંચોના ભાડામાં પણ કમરતોડ વધારો કરવા સાથે વાહનવેરો નાંખી પ્રજા સાથે વિશ્વાસઘાત કરાયો હોવાનો સૂર રજૂ થવા સાથે મર્યાદિત કામગીરી હોવા છતાં સંતોષકારક જવાબદારી નિભાવાતી ના હોવાનું નોંધવામાં આવ્યું હતું. આ બેઠકમાં સ્વચ્છતા, ઢોર નિયંત્રણ, દબાણ હટાવ કામગીરી, ટેન્ડરપ્રક્રિયા તેમજ નગરસેવકોની ગ્રાન્ટના ઉપયોગ સહિત તમામ ક્ષેત્રે કામગીરી શંકાસ્પદ હોવાથી શહેરના સુચારૂ વહીવટ માટે વહીવટદાર નીમી મનપાને સુશુપ્ત અવસ્થામાં મુકવી જોઈએ તેવી માંગ વ્યક્ત કરવામાં આવી હતી.

આ બેઠકમાં ગાંધીનગર વસાહતમંડળના પ્રમુખ અરૂણ બુચ, જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ જ્યોતિન્દ્રભાઈ દવે, જ્યોતી મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચ, સિનિયર સિટીઝન્સ કાઉન્સીલના પ્રમુખ હસમુખભાઈ શાહ, ડેમોક્રેટીક એસો.ના પ્રમુખ ભાનુકાન્ત પરમાર, ત્રિદલ, ગાંધી વિચાર મંચના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી, સર્વ રવિન્દ્રભાઈ દવે, એસ.ડી.આર. મલીક, દશરથ પરમાર, સુધીર દેસાઈ, ભાનુભાઈ દવે, પેન્સનર્સ સમાજના ઉપપ્રમુખ જીતેન્દ્રભાઈ ત્રિવેદી, વિવેક ટ્રસ્ટના પ્રવિણભાઈ ઓઝા, આરોગ્યભારતીના ડૉ. અમૃત પ્રજાપતિ, સુમતભાઈ શાહ, રાજેન્દ્રભાઈ પારેખ વગેરેએ ઉપયોગી સૂચનો કરી ચર્ચામાં સહભાગી થયા હતા.

આ બેઠકમાં મહાનગરપાલિકાની રચના 'ચંદીગઢ કે ડી.ડી.એ.'ના ધોરણમુજબ કરવા જેમાં ચૂંટાયેલા, પસંદગી પામેલ તથા અધિકારીઓનું સંયુક્ત બોર્ડ કરવાની માંગ ઉઠી હતી.



સોમનાથ દર્શને : શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે સરકાર સોમનાથ દાદાના દર્શને પહોંચી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને તેમના પરિવારજનો તથા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે અને તેમના પરિવારજનો સોમનાથ દાદાના દર્શન ભાવપૂર્વક કર્યા હતા. બંને મહાનુભાવોએ શ્રદ્ધાપૂર્વક પૂજન-અર્ચન કર્યા હતા. જ્યારે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ ધજા ચઢાવવાનો લ્હાવો લીધો હતો.

# દહેગામના કડજોદરામાંથી પાંચ શકુનિઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડજોદરા ગામે વસવાટ કરતા જશંવત સિંહ વિદુરસિંહ ઝાલાના ઘરની આગળના ભાગે આવેલા ખુલ્લા ઢાળીયામાં કેટલાક નાગરીકો જુગાર રમી રહ્યા છે અને હાલ આ પ્રવૃતિ ચાલી રહી છે. જેને અનુલક્ષી પીએસઆઈ વી.વી.દેસાઈ તેમજ ટીમના જવાનોએ હકીકતવાળી જગ્યાએ રેઈડ કરતા જશવંતસિંહ વિદુરસિંહ ઝાલા, યશપાલસિંહ વિનુસિંહ ઝાલા, ભારતસિંહ ઉર્ફે ભગુ શંકુસિંહ ઝાલા ત્રણેય રહે.કડજોદરા, તેમજ પ્રવિણ ઉર્ફે ચકો કાળાજી ઠાકોર, અને મહેન્દ્રસિંહ જગતસિંહ ઝાલા બંન્ને રહે. નવા થાંભલીયા ને ઝડપી પાડી તેઓની પાસેથી હારજીતનો જુગાર રમતા રોકડ રૂ. ૧૧,૧૫૦ તથા મોબાઈલ ફોન જેન કુલ કિ.રૂ. ૨૦૦૦ એમ કુલ રૂ.૧૩,૧૫૦ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બહિયલમાંથી ૪ શકુનિ ઝડપાયા : ૨ ભાગી છુટ્યા

ગાંધીનગર, તા. ૨૭

દહેગામ તાલુકાના બહિયલ ગામની સીમમાં આવેલા વજીકુવા પાસેથી પોલીસે પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. જેમાં ૪ જુગારીઓને ઝડપાઈ ગયા હતા. અને ૨ શકુનીઓ પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયા હતા.

દહેગામ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.આર.રાઠોડ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા. ત્યારે બહિયલ ગામની સીમમાં વજીકુવા પાસે કેટલાક શખ્સો પાના-પત્તાનો જુગાર રમતા હોવાની બાતમી મળી હતી. પોલીસે બાતમીના આધારે દરોડો પાડીનો મુસ્તફામીંયા રસુલમીયા સિપાઈ ( રહે.બહિયલ ખાડામાં), મનસુરમીયા એન સિપાઈ( રહે. બહિયલ), નુરમહંમદ આર કુરેશી ( રહે. ઉગમણી ફળી બહિયલ)તેમજ જફર હુસેન ઈસ્માઈલભાઈ ચૌહાણ રહે.કસ્બામાં બહિયલ ને રૂ. ૩,૭૫૦ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા. જયારે મહમુદમીયા બી મલેક તથા રજાક ઉર્ફે રાજુ.યુ.રાઠોડ ભાગી છુટ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ ફરિયાદ ગત્ તા. ૨૪ ઓગસ્ટને ૨૦૧૮ના રોજ બનવા પામી હતી.



## કલોલ રાજપુત સેવા સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

કલોલ તાલુકાના નારદીપુર ગામે કલોલ શહેર અને તાલુકા રાજપુત સેવા સમાજ દ્વારા કલોલ તાલુકા અને શહેરમાં વસતા રાજપુત દિકરા-દિકરીઓને શિલ્ડ તેમજ પ્રમાણપત્ર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું. જેમાં ૭૫થી વધારે દીકરા-દીકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ચાલુ વર્ષે સરકારી નોકરીમાં લાગેલ તેમજ અન્ય પ્રવૃત્તિમાં ભાગ લઈ સમાજનું નામ રોશન કરવા બદલ તે દીકરા-દીકરીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજકીય, સામાજીક આગેવાનો તેમજ બહુ મોટી સંખ્યામાં રાજપુત પરીવારો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે સહુ સ્વરૂચી ભોજન લઈ છુટા પડ્યા હતા.

# મુખ્યમંત્રીએ ભકિતભાવપૂર્વક દ્વાદશ જ્યોર્તિલિંગ સોમનાથની પૂજા-અર્ચના કરી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભારતના કરોડો લોકોના શ્રદ્ધા-આસ્થાના કેન્દ્ર અને દ્વાદશ જ્યોર્તિલિંગમાં પ્રથમ એવા સોમનાથદાદાની શ્રાવણ માસના ત્રીજા સોમવારે ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. દર વર્ષે શ્રાવણ માસમાં નિયમિતપણે સોમનાથ દાદાના દર્શન-પૂજન માટે આવતા મુખ્યમંત્રીએ સોમનાથદાદાને શ્રદ્ધાપૂર્વક ધ્વજારોહણ કરી પાલખી યાત્રાનો પણ લાભ લીધો હતો.

સોમનાથદાદાના પૂજન-અર્ચન અને ધ્વજારોહણ બાદ પ્રચાર માધ્યમો સાથે વાતચીતમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, દર વર્ષે નિત્યક્રમ મુજબ સોમનાથદાદાના દર્શન પૂજન માટે તેઓ આવે છે. આજે પરિવાર સાથે દર્શન-પૂજન કર્યા છે. સાથે-સાથે ગુજરાતના સાડા છ કરોડની જનતાની સુખ, સમૃદ્ધિ, સલામતી અને કલ્યાણ માટે ભગવાન સોમનાથને પ્રાર્થના કરી છે.

મુખ્યમંત્રીની સોમનાથ મુલાકાત પ્રસંગે તેમના ધર્મપત્ની અંજલિબેન રૂપાણી, પરિવારના સભ્યો સાથે પ્રવાસન નિગમના ડિરેક્ટર ઝવેરીભાઈ ઠકરાર, રાજ્ય બીજ નિગમના ચેરમેન રાજશીભાઈ જોટવા, પૂર્વમંત્રી જશાભાઈ બારડ, નિતીન ભારદ્વાજ, ગુણવંતભાઈ ડેલાવાળા, ઉદય કાનગડ, કિશોર કુહાડા, જિલ્લા કલેક્ટર અજય પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અશોક શર્મા, જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી ઉપસ્થિત રહ્યા હતાં.

સોમનાથ મંદિરના મુખ્ય પૂજારી ધનંજય દવે તથા બ્રાહ્મણગણે મુખ્યમંત્રીને પૂજા-અર્ચના કરાવી હતી. મંદિરના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ મુખ્યમંત્રીને શાલ અને મોમેન્ટો આપી હતી.

**નામ બદલેલ છે**

મારું નામ રાજમની હલકેરામ કહાર હતું તે બદલી નવું નામ મની હલકેરામ કહાર રાખેલ છે. જેની નોંધ લેવી.

લી.

**મની હલકેરામ કહાર**

બ્લોક નં. ડી-૨૦૪, બીજો માળ, વૈદેહી રેસીડેન્સી, વાવોલ, ગાંધીનગર